# ધોરણ - ૧૦

## વિષય – ગુજરાતી

## સ્વાધ્યાય

### પાઠ – ૧૮

# ભૂખથીય ભૂંડી ભીખ



વિદ્યાર્થીનું નામ :

શાળાનું નામ :





શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

# ખથીય ભૂંડી ભીખ



લેખક : પન્નાલાલ પટેલ
પ્રકાર : નવલકથાખંડ
સંદર્ભ : 'માનવીની ભવાઈ' માંથી

## શબ્દ સમજૂતી

અદેખાઈ - ઈર્ષ્યા, બીજાનું સારું જોઈને થતી દ્વેષની લાગણી
છપ્પના = છપ્પનિયો દુકાળ (સંવત 1956નો છપ્પનિયો દુકાળ)
શાળ = શાલિ, ડાંગર, કમોદ
કંગાળ = દરિદ્ર, ગરીબ
હાર = કતાર

## તળપદા શબ્દો

લાટ - મોટા સાહેબ, સત્તાધીશ
આણેલા - લાવેલા
સોગન - સોગંદ, કસમ
આભલું - આકાશ, વાદળ
આલવું - આપવું
મલક - દેશ, મુલક
વાદ - હોડ
નઈ - નહીં
ધિક - ધિક્કાર
ભૂંડું - ખરાબ
લાગ - તક, મોકો

ધરમ - ધર્મ
હેંડો હેંડો - ચાલો ચાલો
પાંશેર - પા
પરથમી - પૃથ્વી
ફડક - પહેરેલા કપડાનો ઝૂલતો છેડો
પલ્લો - પ્રલય, વિનાશ
પૈટિયું - રોજ, પેટના માટે મજૂરી કરનારું
લવારો - બબડાટ
કુણ - કોણ
ડિલ - શરીર, તન
નકુર - નક્કર

## વિરુદ્ધાર્થી શબ્દો

ધરતી x આકાશ
સવાલ x જવાબ
અજવાળું x અંધકાર, અંધારું

દરિદ્ર x અમીર
સક્ષમ x અક્ષમ
સદ્ભાગ્ય x દુર્ભાગ્ય

Scanned with OKEN Scanner

## રૂઢિપ્રયોગો

ચાલતા થવું - મૃત્યુ પામવું
પગ જડાઈ જવા - સ્તબ્ધ થઈ જવું, સ્થિર થઈ જવું
આંખો ભીની થવી - લાગણીશીલ થઈ જવું
દાઝ ચડવી - ગુસ્સો આવવો

## શબ્દસમૂહ માટે એક શબ્દ

મરણ પાછળ રોવું, કૂટવું અથવા લૌકિક - કાણ
સગાસંબંધીમાં જન્મ તેમજ મરણ વગેરેથી પાળવામાં આવતું અલગાપણું - સૂતક
મરણ પાછળ ક્રિયા કરાવવી, શ્રાદ્ધ કરવું - સરાવવું
અનાજ ભરવાનો ઓરડો, વખાર, ભંડાર - કોઠાર
પૃથ્વી અને આકાશની જ્યાં સંધિ દેખાતી હોય છે તે રેખા - ક્ષિતિજ

## સ્વાધ્યાય

1. 1) કેમ ભાઈ, પટેલ, તું આ પેંડિયું નથી લેતો? આ વાક્ય કોણ કોને ઉદ્દેશીને કહે છે?
-> શેઠ કાળુને કહે છે.

2) કાળુ માને છે કે જગતમાં સૌથી ખરાબ બાબત...
-> સ્વમાન ગુમાવી બીજા માટે હાથ લંબાવવો તે છે.

2. 1) દુકાળના વખતમાં લોકોને કોણે મદદ કરી?
-> દુકાળના વખતમાં લોકોને કેરડિયાના મહાજને મદદ કરી.

2) કાળુ અને રાજુ ભૂંડામાં ભૂંડી બાબત કોને કહે છે?
-> કાળુ અને રાજુ ભૂંડામાં ભૂંડી બાબત ભીખને કહે છે.

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



3) સદાવ્રતમાં અનાજ લેવા કોણ કોણ ઊભા હતા ?

સદાવ્રતમાં ઊભેલા માણસોમાં કાળુની આંખે એવા માણસો નજરે પડ્યા, જેમણે ખળામાંથી ઊંચકાય એટલે દાણા બ્રાહ્મણોને દાન કરેલા. જેમના ઘરમાં એક સમયે પુષ્કળ ધાન હતું એવા પણ ત્યાં ઊભા હતા. નાની સરખી લૂંટફાટને શરમ માનનારા ને ભાઈનું દીધેલું ન લેનારા પણ આજે કંગાળ બનીને કતારમાં ઊભાં હતાં.

1) અંતે કાળુ અનાજ માટેની મદદ લેવા શા માટે તૈયાર થાય છે ?

કાળુ અનાજ લેતાં અચકાતો હતો. મુંદરજી શેઠે આ જોયું. તેને બોલાવીને કહ્યું કે કુદરત આગળ આપણે સૌ લાચાર છીએ. તને એમ લાગતું હોય કે આ ધર્માદાનું છે, તને હાથ લાંબો કરતાં સંકોચ થતો હોય તો કાલથી તું આ ઓટલા પર આવીને ઝાડુ મારી જજે અને મુખિયાજી પાસેથી ગાદી-તકિયા માગીને અહીં પાથરી દેજે. પછી તને એમ નહિ થાય કે તું ધર્માદાનું મફતનું ખાય છે. કાળુને મુંદરજી શેઠની મોટાઈ સ્પર્શી ગઈ. આથી અંતે કાળુ અનાજ માટેની મદદ લેવા તૈયાર થાય છે.

2) 'બાવાનાં બેય બગડ્યાં' એમ કાળુ શા માટે કહે છે ?

"તમારું છે ને તમને આપીએ છીએ. એમાં ધર્માદા જેવું કંઈ જ નથી." મુંદરજી શેઠના આ સૂચનથી કાળુએ દોઢ પાશેર બાજરી પોતાના ફાટેલા ધોતિયાના છેડે બાંધી પણ ત્યાંથી રવાના થતાં તેને રડવું આવ્યું. તેને થયું કે આ તો 'બાવાનાં બેય બગડ્યાં' જેવો ખેલ થયો, કારણ કે કાળુ માને છે કે આમ કરવાથી ક્યારેય કોઈની પાસે કંઈ માગવું નહિ એ ટેક પળાઈ નહિ અને ભીખ માગીને આ તો મરવા જેવું થયું, સ્વમાન ન રહ્યું.

3) મુંદરજી શેઠ વિશે ચાર વાક્યો લખો.

મુંદરજી શેઠ દેગડિયા ગામના મહાજન હતા. તેમનો પોશાક હતો: સફેદ ધોતિયું, અંગરખું, માથે સોનેરી તલવાળી પાઘડી અને ગળે દુપટ્ટો. શેઠ સ્વભાવના ઉદાર હતા અને મોટા ગજાના હતા. કાળુએ જ્યારે ધર્માદું અનાજ લેવાની 'ના' પાડી ત્યારે એનું સ્વમાન સચવાય એ દૃષ્ટિએ ઓટલા સાફ કરવાનું તેમજ ગાદીતકિયા પાથરવાનું કામ સોંપ્યું. ઉપરાંત કાળુને સૂચન કર્યું, "તમારું છે ને તમને આપીએ છીએ, ભાઈ. ધર્માદા જેવું એમાં કંઈ નથી."

Scanned with OKEN Scanner

Page No.
DATE: / /

4. 1) આ વાર્તાને આધારે કાળુનું પાત્રાલેખન કરો.

'માનવીની ભવાઈ' નવલકથાનાં મુખ્ય બે પાત્રો કાળુ અને રાજુ છે. છપ્પનિયા દુકાળની કારમી પરિસ્થિતિમાં ટકવા ફેગાડિયા આવ્યાં છે. મતિએ ખેડૂત કાળુ સ્વમાની અને ટેકીલો જીવ છે. પોતાની જિંદગીમાં એણે કોઈની આગળ હાથ લંબાવ્યો નથી, પણ આ દુકાળે તો કાળુના સ્વમાન, ગુમાન અને આત્માને સાવ તહસનહસ કરી નાખ્યાં છે.

ભૂખને લીધે એની આંખો ઊંડી ઊતરી ગઈ છે. ભીખ માંગવી એ તેના સ્વભાવમાં નથી. આ પરિસ્થિતિમાં કેશરિયાના મહાજને પોતાના કોઠારમાંથી ગામના સૌને દાન આપવાનું શરૂ કર્યું, પણ કાળુને એ દાન લેવું પસંદ નથી. એ માને છે કે મહાજનના કોઠારમાં અમારું જ દાન હોય એની સામે હાથ લંબાવવાનો ? ભીખ માગવાની ? રાજુ સમજાવે છે, પણ સ્વમાની તેમજ ટેકીલો કાળુ કંઈ ગણકારતો નથી. એ હતાશાથી કહે છે કે ધરતી પર પ્રલય થવા બેઠો છે એમાં કોઈ જીવવાનું નથી.

ભીખ માટે કતારમાં ઊભેલા અર્ધનગ્ન હાડપિંજર સમા લોકોને જોઈ એનું હૃદય કાંપી ઊઠે છે. "દોઢ પાશેર બાજરી માટે હાથ લંબાવવાનો! ધિક્કાર છે આ અવતારને! ધિક્કાર છે આ જીવવુંય!"

સ્વમાની કાળુને સુંદરજી શેઠ એક ઉપાય સૂઝવતાં ઓટલા ઉપર ઝાડુ ફેરવવાનું તેમજ મુખિયાજીના ગાદી-તકિયા પાથરવાનું કામ સોંપે છે, જેથી મફતનું અનાજ લીધું નથી એટલો સંતોષ રહે. આથી સુંદરજી શેઠ પર એને માન થયું અને પોતાના વિચારો એને બાલિશ લાગ્યા. એણે દોઢ પાશેર બાજરી પોતાના ધોતિયાના છેડે લીધી તો ખરી, પણ ફરી એનું સ્વમાન જાગી ઊઠ્યું. એને થયું આ તો બાવાનાં બેય બગડ્યા જેવો ખેલ થયો. ટેક પણ ન રહી અને મરવા જેવું થયું. એને સતત લાગે છે કે એમનું નસીબ જ કાળું છે ને ખોબોય કાણો છે. આમ, કાળુની વેદના તેનાં વાણી અને વર્તનમાં સતત ટપકતી રહે છે. ચિત્તભ્રમ થતાં એ આખો દિવસ લવારો કર્યા કરે છે. એણે સાચું જ કહ્યું હતું કે "ભૂખ ભૂંડી નથી, પણ ભૂખથીય ભૂંડી ભીખ છે!" લેખકે અંતમાં ભલભલાના હૃદયને કંપાવી મૂકે તેવી કાળુની મન:સ્થિતિ વ્યક્ત કરતાં સાચું જ કહ્યું છે: "નથી વેઠાતાં, રામ ભૂખેય નથી વેઠાતી ને આ ભીખેય! મારે ઝોંકવા માંડ! પણ મકાનનો ઓટલો વાળતાં ખુદ કાળુ જ ઝોંકાઈ પડ્યો. પછી એ તો ગરમ વિચારોને લીધે, ભૂખનો માર્યો કે ગમે તે કારણે હોય."

shikshansagar.com The King of Education
Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



2) આ વાર્તાને આધારે દુકાળની ભયાનકતા તમારા શબ્દોમાં લખો.

બાર-બાર મહિનાથી વરસાદ વરસ્યો નહોતો, મેઘરાજા જાણે રૂઠ્યા હતા. પરિણામે ધરતી પર ચારે બાજુ વનમાં, ખેતરોમાં, બજારમાં, શેરીઓમાં જ્યાં જુઓ ત્યાં માનવીના હાડપિંજર સમા મૃતદેહો પડ્યા હતા. તેમના સ્વજનોની આંખોમાં સ્વજન ગુમાવ્યાની ભીનાશ હતી, પણ મોટો પ્રશ્ન એ હતો કે આટલાં બધાં શબને દાટવા ક્યાં? બાળવા ક્યાં? ભૂખે માનવીઓનાં હાડમાંસ ગાળી નાખ્યાં હતાં.

કેંગડિયાના મહાજને કોઠારમાંથી સૌને અનાજ આપવાનું શરૂ કર્યું, પણ દરેકને ભાગે આવતી હોઠ પાશેર ખીચડીથી પેટ ક્યાંથી ભરાય? તેમ છતાં જે કાંઈ મળે તે લેવા કતારમાં ઊભેલા અર્ધનગ્ન હાડપિંજર થઈ ગયેલા માણસોની સ્થિતિ દયાજનક હતી. આ માણસો પાસે પહેરવા પૂરતાં કપડાં નહોતાં. આ દુકાળે લોકોને બેહાલ કરી મૂક્યા હતા. આ દયનીય પરિસ્થિતિ જોઈને કાળુએ કહ્યું, "ભૂંડામાં ભૂંડી ભૂખ નહિ, પણ ભૂખથીય ભૂંડી ભીખ છે." કાળુનું આ વિધાન તે સમયના દુકાળની ભયાનક પરિસ્થિતિનો કરુણ ચિતાર આપે છે.

3) રાજુની મનોવ્યથા તમારા શબ્દોમાં આલેખો.

દુકાળની ભીષણતાથી ગામનાં સૌ દુઃખી અને પરેશાન હતાં, પણ રાજુની મનોવ્યથામાં કરુણા અને લાચારી વિશેષ હતી.

એક તરફ સ્વમાની કાળુને સમજાવવાનો તો બીજી તરફ ગમે કે ન ગમે, બાળકોના પેટ માટે ભીખ માગવા જવાનું. એણે તો વાસ્તવિકતા સ્વીકારી લીધી હતી, પણ "આ પરિસ્થિતિમાં ભીખ માગવામાં શરમ શાની?" એ કાળુને સમજાવવું તેને માટે મુશ્કેલ હતું. એ માટે તે કાળુ પાસે કરગરે છે. પોતાને કારણે કાળુ ભૂખે મરી જાય એ એનાથી જીરવાતું નથી. આથી "મનેય તમારે મારી નાખવી છે!" એમ કહીને કાળુને પોતાની સાથે આવવા મજબૂર કરે છે. રાજુ પણ જાણે છે કે હોઠ પાશેર ખીચડીથી કાંઈ વળવાનું નથી. એટલે "આજે હાથ ધરવાનો એક હોઠ પાશેર ખીચડી માટે? ફિટ પડ્યો એ અવતાર ને ફિટ પડ્યું એ જીવવુંય!" તથા "આપણું કપાળેય કાણું છે કે આ ખોબોય કાણો નીકળ્યો"

કાળુનો આ બબડાટ રાજુથી સહન થતો નથી, છતાં તે ચિડાઈને કાળુને ઠપકો આપતાં કહે છે: "કારણ ભૂખ નથી, પણ કારણ ચિંતા છે. માનવીનાં કાળજાંને ખોતરી ખાય છે." કાળુના આ શબ્દો: "આપણાં ગુમાન અને આત્મમાનેય ઓગાળી નાખે છે, પાણી

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

કરી દે છે." રાજુને બેચેન કરી મૂકે છે. કાળુને ધમકાવી, તેનું બાવડું ઝાલીને હડસેલતી 'છાનામાના ઘરે હેંડો' એમ કહેતી રાજુનો અવાજ ઢીલો પડી જાય છે. આમ, એક તરફ ભૂખની પીડા અને બીજી તરફ આ હાલતમાં કાળુને સાચવવાની ચિંતાથી ઘેરાયેલી રાજુની આ મનોવ્યથા ખરેખર હૃદયને વીંધી નાખે છે.

Scanned with OKEN Scanner

# HIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા

શિક્ષણ સાગર
shikshansagar.com · The King of Education


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION